BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# 2021 બ્રેમ્પટન સીટીઝન્સ એવોર્ડ્સ માટે ઉત્કૃષ્ટ રહેવાસી નોમિનેટ કરો (નામાંકન કરાવો)!

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (નવેમ્બર 15, 2021) – સીટી ઓફ બ્રેમ્પટન હવે વર્ષ 2021 નાં બ્રેમ્પટન સીટીઝન્સ એવોર્ડ્સ માટે અરજીઓ સ્વીકારી રહ્યું છે. રહેવાસીઓને તા. જાન્યુઆરી 10, 2022 પહેલાં ઉત્કૃષ્ટ રમતવીરો, સ્વયંસેવકો અને સ્થાનિક વીરપુરુષોનું નામાંકન કરાવવાનું કહેવામાં આવે છે.

બ્રેમ્પટન સીટીઝન્સ એવોર્ડ્સ 2021 કેલેન્ડર વર્ષ દરમિયાન નીચે જણાવેલ પૈકી એક શ્રેણીમાં અર્થસભર ફાળો આપનાર અથવા નોંધપાત્ર ઉપલબ્ધિ મેળવનાર રહેવાસીઓને ઓળખ આપે છે:

- સ્પોર્ટ્સ એચિવમેન્ટ એવોર્ડ (રમતગમતમાં ઉપલબ્ધિ પુરસ્કાર) એ બ્રેમ્પટન રહેવાસીઓને ઓળખ આપે છે જેઓની ઉપલબ્ધિઓને પ્રાંતીય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી હોય.
- કેન ગિલ્સ (Ken Giles) એમેચ્યોર એથલીટ ઓફ ધી ઈયર એવોર્ડ પોતાની સંબંધિત રમતમાં કલાપ્રેમી સ્તરે નોંધપાત્ર પ્રભાવ પાડનાર અને/અથવા અપવાદમય ઉપલબ્ધિ મેળવનાર ઉત્કૃષ્ટ વ્યક્તિને આ એવોર્ડ આપવામાં આવે છે.
- આર્ટ્સ અક્લેઈમ એવોર્ડ (કળા પ્રશંસા પુરસ્કાર) એ વ્યક્તિઓને ઓળખ આપે છે જેઓના ફાળાથી સ્થાનિક, પ્રાંતીય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પ્રશંસા હાસલ કરવાના સંદર્ભમાં નોંધપાત્ર પ્રભાવ પડ્યો હોય.
- લોંગ ટર્મ સર્વિસ એવોર્ડ (લાંબા ગાળાની સેવા પુરસ્કાર) એ કટિબદ્ધ સ્વયંસેવકોને ઓળખ આપે છે જેઓના પ્રયત્નોથી મનોરંજનલક્ષી રમતો, કળા અને સામુદાયિક સામાજીક સેવાઓ વિકસાવવા અને તેમાં આગળ વધવા તરફ નોંધપાત્ર પ્રભાવ પડ્યો હોય.
- ઈન્સ્પિરેશનલ એવોર્ડ (પ્રેરણાલક્ષી પુરસ્કાર) બ્રેમ્પટનના એ રહેવાસીઓને ઓળખ આપે છે જેઓ માયાળુ કામગીરી માટેની વકાલત અથવા મહાવરો કરતા હોય, અથવા જેઓએ અન્ય લોકો પર પ્રેરણાત્મક પ્રભાવ પાડ્યો હોય.
- ઈમરજન્સી સર્વિસીસ એવોર્ડ ઓફ વેલોર (કટોકટી સેવાઓ માટે વીરતા પુરસ્કાર) એ લોકોને ઓળખ આપે છે જેઓએ અન્ય ચોક્કસ વ્યક્તિનું જીવન બચાવવા પરાક્રમી કાર્ય કરીને પોતાનું જીવન સ્વૈચ્છિકપણે જોખમમાં મૂક્યું હોય.
- સીટીઝન્સ ઓફ ધી ઈયર એવોર્ડ્સ (વર્ષના પ્રભાવશાળી નાગરિક પુરસ્કાર) વર્ષ 2021 માં જુસ્સાભેર, સમર્પિત સામુદાયિક સંડોવણી દર્શાવનાર બધી ઉંમરના બ્રેમ્પટન સ્વયંસેવકોને ઓળખ આપે છે..

ચૂંટાયેલા અધિકારીઓ, બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, ધી બ્રેમ્પટન સ્પોર્ટ્સ એલાયન્સ, ધી બ્રેમ્પટન સીનિયર્સ કાઉન્સિલ અને પીલ રીજીયનલ પોલીસની સાથે સાથે, એવોર્ડ શ્રેણીઓમાં વિષયવાર નિપુણતા ધરાવતા સામુદાયિક સભ્યોથી બનેલી પસંદગી સમિતિ (સિલેક્શન કમિટી) બધાં નામાંકનોની સમીક્ષા કરવા માટે નિમવામાં આવી છે.

વર્ષ 1974 થી, સીટી ઓફ બ્રેમ્પટન રમતગમત, કળા અને સામુદાયિક સેવાના ક્ષેત્રોમાં સમુદાયના 3,500 ઉપરાંત શ્રેષ્ઠ રહેવાસીઓને સન્માન આપનાર સામુદાયિક ઓળખ કાર્યક્રમ આપવામાં ગૌરવ અનુભવે છે. બ્રેમ્પટન સીટીઝન્સ એવોર્ડ્સ અને વર્ષ 2019 અને 2020 માટે એવોર્ડ મેળવનારાઓ પર વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, www.brampton.ca.

**ક્વોટ્સ (અવતરણો)**

"બ્રેમ્પટન શ્રેષ્ઠ રહેવાસીઓથી ભરપૂર છે, અને બ્રેમ્પટન સીટીઝન્સ એવોર્ડ્સ રમતવીરો, કલાકારો, સ્વયંસેવકો અને સ્થાનિક વીરપુરુષો તરીકે રહેવાસીઓના ફાળાને ઓળખ આપવાની મહત્વની તક આપણને પૂરી પાડે છે. આ એવોર્ડ્સ આપણાં સમુદાયમાં ફાળો આપનાર દરેક વ્યક્તિને ગૌરવ, પ્રોત્સાહન પૂરું પાડે છે, અને આપણાં નાગરિકોના અર્થસભર ફાળા માટે તેઓની કદર કરે છે. કોઈ રહેવાસીનું નામાંકન આજે જ દાખલ કરો!"

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"વર્ષ 1974 થી, બ્રેમ્પટન સીટીઝન્સ એવોર્ડ્સ વડે આપણાં સમુદાયમાં ફાળો આપનારાઓને ઓળખ આપવાની લાંબી પરંપરા રહી છે. અમે વર્ષ 2021 માં આપણાં શહેરમાં નોંધપાત્ર પ્રભાવ પાડનાર રહેવાસીઓ વિશે શીખવાની આશા રાખીએ છીએ, અને આવતા વર્ષે તેઓને ઓળખ અપાવવામાં રોમાંચ અનુભવીએ છીએ."

- *માર્ટિન મૅડીરોસ (Martin Medeiros), રીજીયનલ કાઉન્સિલર, વોર્ડ્સ 3 અને 4; પ્રમુખ, સીટીઝન એવોર્ડ્સ કમિટી, સીટી ઓફ બ્રેમ્પટન*

“બ્રેમ્પટનવાસીઓ આપણાં સમુદાયમાં દરરોજ તફાવત લાવી રહ્યાં છે, અને દર વર્ષે અમે સીટીઝન્સ એવોર્ડ્સ માટે અવિશ્વસનીય રજૂઆતોની શક્યતા જોઇએ છીએ. નામાંકનો હવે ખુલ્લાં છે, અને પસંદગી સમિતિ આ વર્ષના નોમિનીઓ (નિર્દિષ્ટ નામો) અને એવોર્ડ મેળવનારાઓ પસંદ કરવા આતુર છે.”

- *હરકિરત સિંહ (Harkirat Singh), સીટી કાઉન્સિલર, વોર્ડ્સ 9 અને 10; પ્રમુખ, કોર્પોરેટ સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“બ્રેમ્પટન જોશીલા અને પ્રેરણાત્મક રહેવાસીઓથી ભરપૂર છે જેઓ આપણાં સમુદાયમાં સાચો તફાવત ઊભો કરે, અને બ્રેમ્પટન સીટીઝન્સ એવોર્ડ્સ તેઓના ઉત્કૃષ્ટ ફાળાને ઓળખ આપવાની તક પૂરી પાડે છે. તમે વખાણતા હો તેવા 2021 માં ચડિયાતો પ્રભાવ પાડનાર ચોક્કસ વ્યક્તિનું નામાંકન દાખલ કરો.”

- *ડેવિડ બેરિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રેમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક** :
પ્રભજોત કૈંથ (Prabhjot Kainth)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ (Coordinator, Media & Community Engagement)
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca